NHSRCL
National High Speed Rail Corporation Ltd.

DIVYA BHASKAR, Vadodara, 25.10.2022
Page No. 2, Size:(15.98)cms X (7.86)cms.

# First picture of Bullet Train's short smile on Diwali



ગુજરાત
દિવ્ય ભાસ્કર, વડોદરા, મંગળવાર, 25 ઓક્ટોબર, 2022 | 2
divyabhaskar.com

5 કિમીમાં ગર્ડર મુકાઇ ગયા, હવે ટ્રેક ફિટ કરાશે

## દિવાળી પર બુલેટ ટ્રેનના ટ્રેકના સ્મિતની પહેલી તસવીર

સુરત : અમદાવાદ-મુંબઈ વચ્ચે 508 કિમી રૂટ પર દોડનારી દેશની પ્રથમ બુલેટ ટ્રેનનો પહેલો રન સુરત-બીલીમોરા વચ્ચે થશે. હાલ ટ્રેનના રૂટની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. ખાસ કરીને સુરત-નવસારીમાં કામમાં ઝડપ આવી છે. સપ્ટેમ્બર 2017માં પ્રોજેક્ટનું ભૂમિ પૂજન કરાયું ત્યાર બાદ આ પ્રોજેક્ટ 2023 સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક હતો પરંતુ જમીન સંપાદનની કામગીરીમાં વિલંબ અને કોરોનાને પગલે પ્રોજેક્ટમાં લંબાઈ ગયો છે. જોકે નવસારી અને સુરત આસપાસ હવે કામ સ્પષ્ટ રીતે દેખાવા લાગ્યા છે. સુરત-નવસારી રોડ પર આવેલા ધોળાપીપળા પાસેના આમોદ ગામમાં હરિયાળી વચ્ચેથી બુલેટ ટ્રેનનો રૂટ સ્પષ્ટ દેખાય રહ્યો છે. ટ્રેનના આખા રૂટમાં 5 કિમીમાં ગર્ડર મૂકાઈ ગયા છે, જેમાં મહત્તમ નવસારી જિલ્લામાં છે. નશીલપોરમાં આ પ્રોજેક્ટ માટે કાસ્ટિંગ યાર્ડ છે, જેમાં રાઉન્ડ ધ ક્લોક કામગીરી ચાલી રહી છે. હવે મહારાષ્ટ્રમાં પણ કોકડું ઉકેલાઈ જતાં કામમાં ઝડપ આવી છે. • હિતેશ પટેલ

### બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું હાલનું આ છે સ્ટેટસ

- 176.4 કિમી પાઈલ વર્ક થયું
- 88.56 કિમી પિઅર વર્ક થયું
- 5 કિમી ગર્ડર લોન્ચ થઈ ગયા

### આ કામો ચાલી રહ્યાં છે

- માર્ગમાં આવતી નદીઓ પર પુલ બનાવવા વેલ ફાઉન્ડેશન
- 8 સ્ટેશનોનું કામ જુદા જુદા સ્તરે પૂરું કરી દેવામાં આવ્યું છે.